| |
|---|
| જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ |

તા.૩૧/૦૮/૨૦૧૬ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૮૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી ૫૫ લીટર દેશી દારૂ અને ૨૧ ક્વૉટર ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૭,૩૬૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૯૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૨ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સૃષ્ટી વિરૂધ્ધના કૃત્યની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૯૧/૧૬**

**કૃષ્ણનગરઃ તા.૨૪/૮/૧૬ અને તા.૨૫/૮/૧૬ બપોરના સમયે કૃષ્ણનગર વિસ્તારમાં રહેતા ૧૭ વર્ષના તરૂણે કાયદાના સંઘર્ષમાં આવી ઘર નજીક રહેતા ૭ વર્ષના છોકરાને પૈસા આપવાની લાલચ આપી ધાબા ઉપર લઈ જઈ સૃષ્ટી વિરૂધ્ધનુ કૃત્ય કર્યુ હતુ .આ અંગેની ફરીયાદ ભોગ બનનારની માતાએ તા.૩૦/૮/૧૬ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.** આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૯૨/૧૬**

**મણીનગરઃ** ધર્મિષ્ઠાબહેન ભરતભાઈ પરીખ (ઉ.વ.૫૮) (રહે.પંચશીલ એપાર્ટમેન્ટ જયહિંદ ચાર રસ્તા મણીનગર) તા.૩૦/૮/૧૬ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે જય હિન્દ સ્કૂલ નજીક આવેલ પ્રિંસ ઢોસા નામની દુકાન આગળથી સબંધીના એક્ટીવા પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્કૂટર ઉપર આવેલ બે પુરૂષ ધર્મિષ્ઠાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા.આ અંગેની ફરીયાદ ધર્મિષ્ઠાબહેન પરીખે મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે વી બારીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૯૩/૧૬**

**કૃષ્ણનગરઃ** ગૌતમ જીતેન્દ્રભાઈ મુજાણી (ઉ.વ.૨૯) (રહે.શ્રીનગર સોસાયટી નયનગલી સામે કૃષ્ણનગર) એ કોઈ કારણસર તા.૩૦/૮/૧૬ બપોરના ૩/૦૦ થી ૪/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી વી ખરાડી ચલાવે છે.

**લાશ મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૫૯૪/૧૬**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** નીતીન શ્રવણભાઈ પરમાર (ઉ.વ.૧૯) (રહે.રામાજીની ચાલી મિલન મંદિર પાસે પાવર હાઉસ સામે સાબરમતી) ની લાશ તા.૩૦/૮/૧૬ કલાક ૮/૨૦ વાગ્યા પહેલા રિવરફ્રંટ ઘાટ નંબર-૭ નજીકથી રિવરફ્રંટ ઈસ્ટ પોલીસને મળી આવતા આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઈ ગણપતભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)